Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# મજૂર પ્રવૃતિના પ્રણેતા અને સ્વાતંત્ર્ય સેનાની કેશવજી વાઘેલા (૧૮૯૯-૧૯૫૪)

**Mr. Lalit K. Vaghela**
Phd. Research Scholar,
Gujarat University, Ahmedabad
Email ID : harpaljagu@gmail.com

## Abstract

પશ્ચિમના દેશોમાં ઔધોગિક ક્રાંતિ પછી વિવિધ ઉધોગોની સ્થાપના થતાં તેમાં કામ કરતાં મજૂરોનો વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. સમયાંતરે આ મજૂરવર્ગનું માલિકો લોકો દ્વારા શોષણ થતાં તેમના અધિકારોના રક્ષણ માટે મજૂર સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં જેના માધ્યમથી મજૂર ચળવળોનો ઉદય અઢારમી સદીમાં થયો. ભારતમાં અંગ્રેજોનાં આગમન પછી ઔધોગીકીકરણની શરૂઆત થઇ. ઓગણીસમી સદીના ઉતરાર્ધમાં ગુજરાતમાં પણ ઔધોગીકીકરણની શરૂઆત થઇ અને ત્યારબાદ વીસમી સદીનાં બીજા દસકામાં વ્યવસ્થિત કહી શકાય તેવી મજૂર ચળવળની શરૂઆત થઇ. ગાંધીજીનું ૧૯૧૫માં ભારતમાં આગમન થયું અને ત્યારબાદ અનસુયાબેન અને ગાંધીજીના પ્રયત્નોથી ૧૯૨૦માં મજૂર મહાજન સંઘની સ્થાપના થઈ. આ મજૂર મહાજન સંઘના માધ્યમથી મજૂર પ્રવૃતિઓને વેગ મળ્યો. આમ, મજૂર મહાજન એ મજૂર પ્રવૃતિઓની લેબોરેટરી સમાન સાબિત થઈ. આ મજૂર મહાજન સંઘમાં સભ્યપદે પાયાના પથ્થર સમાન ગુજરાતના દલિત સમુદાયના કેશવજી વાઘેલા, કીકાભાઇ વાઘેલા, કચરાભાઈ કાળાભાઈ ભગત, મૂળદાસ ભૂદરદાસ વૈશ્ય, વીરાજી માનાજી ભગત, માધવજી પીતાંબર પરમાર, ધનજીભાઈ ગલાભાઈ પરમાર, રતિલાલ માધવજી મકવાણા વગેરેના માધ્યમથી આ સંસ્થા મજૂરોનો અવાજ બની હતી. તેમાં કેશવજી વાઘેલા લડાકુ આગેવાન હતાં. આ મજૂર મહાજન સંઘના દલિત આગેવાનો અને હજારો દલિત મિલમજૂરોએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૯૨૦ અસહકારની ચળવળથી શરુ કરીને આઝાદીની આખરી લડત સમાન ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળ સુધીની દરેક લડાઈમાં ભાગ લઈને પોતાનું યોગદાન આપ્યું હતું. કેશવજી વાઘેલા અમદાવાદમાં મજૂર પ્રવૃત્તિના પ્રણેતા હતા તેઓ મજૂરોના આગેવાન હતાં તેમણે મજૂરઆંદોલનો અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની લડાઈમાં ભાગ લઈને પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પ્રસ્તુત સંશોધન લેખમાં પ્રખર ગાંધીવાદી મજૂર નેતા, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાની અને મજૂર મહાજન સંઘના પાયાની પ્રથમ ઇંટ સમાન કેશવજી વાઘેલાની મજુર પ્રવૃતિઓઓ સાથેજ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાન વિષે માહિતી રજુ કરવાનો ઉપક્રમ રહ્યો છે.

**Key words :**

૧.મજૂર ચળવળ, ૨.મજૂર મહાજન સંઘ, ૩.ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ, ૪.સ્વાતંત્ર્ય સેનાની

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

## પૂર્વભૂમિકા

ગુજરાતની કામદાર ચળવળનો ઈતિહાસ લગભગ સો વર્ષ જુનો છે. વીસમી સદીનાં પુર્વાર્ધથી લઈને વર્તમાન સમય સુધી અનેક ચઢાવ ઉતરાવ સાથે ગુજરાતમાં મજૂર ચળવળો સતત ચાલતી આવી છે. કામદાર-ચળવળોનો ઉદય અઢારમી સદીમાં પશ્ચિમના દેશોમાં ઔધોગિક ક્રાંતિ પછી થયો અને કાર્લ માર્કસની સામ્યવાદી વિચારધારાથી તેને બળ મળ્યું. ભારતમાં ૧૯ મી સદીમાં અંગ્રેજોએ તેમનું સામ્રાજ્ય સ્થાપ્યું ત્યાર પછી ધીમે ધીમે ઔધોગીકીકરણની શરૂઆત થઇ. જેમ જેમ તેમનો રાજ્ય વિસ્તાર અને વહીવટ વધતો ગયો તેમ ઔધોગિક કામદારોની સંખ્યા અને તેમની સમસ્યાઓ વધતી ગઈ અને તેથી કામદારો આંદોલનો ઉભા થયાં.ગુજરાતમાં પણ ઔધોગીકીકરણની શરૂઆત ઓગણીસમી સદીના ઉતરાર્ધમાં થઇ અને ત્યારબાદ વીસમી સદીનાં બીજા દાયકામાં વ્યવસ્થિત કહી શકાય તેવી કામદાર ચળવળની શરૂઆત થઇ.આમ,મજૂર ચળવળ એ ઔધોગિક ક્રાંતિનું ફરજંદ છે. ૪-૧૨-૧૯૧૭ નાં રોજ અમદાવાદની મિલોનાં કામદારોએ પગાર વધારો મેળવવા હડતાલ પાડી હતી. આ મજૂર ચળવળની આગેવાની અનસુયાબેને લીધી હતી. આમ ગુજરાતમાં મજૂર ચળવળના શ્રીગણેશ એક સન્નારી અનસૂયાબેનનાં હાથે થયાં એ એક ગૌરવભરી બીના છે. આ ચળવળ ભારતની મજુર ચળવળનાં ઈતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટના કહી શકાય કારણ કે તેનાથી ગાંધીજી મજુર ચળવળ સાથે જોડાયાં એટલું જ નહી પરંતુ મજુર ચળવળની એક ગાંધીવાદી નવી વિચારસરણીનો આવિષ્કાર થયો. આ વિચારધારા કાર્લ માર્કસના પ્રચલિત વર્ગ સંઘર્ષના વિચારથી વિરુદ્ધ ગાંધીજીના સત્ય, અહિંસા, સત્યાગ્રહ અને ન્યાયની વિચારધારા ઉપર આધારિત હતી. ગાંધીવાદી વિચારધારાથી પ્રેરિત કેટલાંક પાયાનાં કાર્યકરોનો એક ફાલ તૈયાર થયો હતો જે ગાંધી ચિંધ્યા માર્ગે ગુજરાતની મજુર પ્રવૃતિઓ અને રાષ્ટ્રનાં આઝાદીનાં આંદોલનને દોરી રહ્યો હતો. આજ અરસામાં અનસુયાબેન

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

અને ગાંધીજીના પ્રયત્નોથી ૧૯૨૦મા અમદાવાદ મજુર મહાજન સંઘની સ્થાપના થઇ અને તે મિલ મજૂરોનો અવાજ બની હતી.મજુર મહાજનના સભ્યપદે દલિત સમુદાયનાં કેટલાંક સભ્યો હતા જેમાંના એક મજુર આગેવાન કેશવજી વાઘેલા પણ હતાં. પ્રસ્તુત સંશોધન લેખમાં અમદાવાદમાં મજુર પ્રવૃત્તિનાં પ્રણેતા અને આગેવાન એવા કેશવજી વાઘેલાની મજુર પ્રવૃતિઓઓ સાથેજ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાન વિષે માહિતી રજુ કરવાનો ઉપક્રમ રહ્યો છે જે સાદર પ્રસ્તુત છે.

**કેશવજી વાઘેલાનું પ્રારંભિક જીવન અને શિક્ષણ:-**

કેશવજી વાઘેલાનો જન્મ ૨૦ ફેબ્રુઆરી ૧૮૯૯નાં રોજ અમદાવાદનાં મીરજાપુરનાં મીરાસિવાડમાં માતા ડાહીબેન અને પિતા રણછોડભાઈ વેપારી એવા વણકર પરિવારમાં થયો હતો. તેમના પિતાએ કેશવજીનો ઉછેર ખુબજ લાડકોડમાં કર્યો હતો. અને તેમનાં શિક્ષણ માટે તેમનાં પિતાજીએ ખાસ ધ્યાન આપ્યું હતું. આ સમયે દલિત મજુરોને કારણે અનેક મિલો ધમધમતી હોવાથી માંચેસ્ટર તરીકેની ગણના ધરાવતા અમદાવાદ શહેરમાં દલિત સમુદાય માટે તો માત્ર બે જ શાળાઓનાં પ્રવેશદ્વાર ખુલ્લા હતાં. અમદાવાદ મ્યુન્સિપાલિટીની આ શાળાઓમાં બે ધોરણ સુધી અભ્યાસ કરતાં. આ સમયે ખ્રિસ્તી મિશનરીઓની સ્કૂલો પછાત વર્ગનાં બાળકોના શિક્ષણ માટે ચાલતી હતી. પ્રમાણમાં ઓછું શિક્ષણ હરિજનોમાં હતું તે વખતે ખ્રિસ્તી મિશનરી શાળા ચાલતી તેમાં હરિજનો અભ્યાસ કરવાં જતા હતાં. પાઉલમાસ્તર નામનાં ખ્રિસ્તી શિક્ષકને ત્યાં જોડાયાં. ૧૨ વર્ષની ઉમરે આગળનાં અભ્યાસ માટે ખ્રિસ્તી થવાની ભલામણ કરવામાં આવી. આ અરસામાં જ તેમનાં લગ્ન જમનાબેન સાથે કરવામાં આવ્યાં હતાં. આથી તેમની પત્નીને પણ ખ્રિસ્તી થવું પડે એમ હોવાથી આ વાતનો સ્વિકાર ન કરતાં ત્યાંથી તેમને અભ્યાસ છોડવો પડ્યો. ઇ.સ.૧૯૧૨ના સમયગાળા દરમ્યાન

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

અભ્યાસ કાયમને માટે ત્યાગ કર્યો.[૧] ધોરણ છ સુધી ભણી ફીટરની તાલીમ લઇ મિલમાં જોડાયેલાં અને શિક્ષણને મહત્વ આપીને તેમણે પોતાની આજીવિકા સાથે સાથે હરિજનોમાં શિક્ષણ વધે તે અંગે પ્રયત્નો કર્યા હતાં.[૨] કેશવજી વાઘેલા અમદાવાદનાં શાહપુર વિસ્તારની મિલમાં ડબ્બીંગ વિભાગમાં ડોફર ખાતામાં મહમદમિયાંની હિંમતથી કુલી તરીકે જોડાયાં. ત્યારબાદ ત્યાથી મોતીલાલ હિરભાઈની સીટી મિલમાં ફીટર તરીકે ત્રણ વર્ષ નોકરી કરી. પરંતુ આટલાથી સંતોષ ન થતાં આ નોકરી પણ છોડી અને પોતાની કુનેહ શક્તિ મુજબ પિતાના વ્યવસાયમાં મિલની કોલસીનાં તથા લાકડાના પીઠાના કોન્ટ્રાકટરમાં પોતાની શક્તિને કામે લગાડી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો હતો. બાળપણમાં શિક્ષણ જગતમાં જે કડવાં અનુભવો થયા હતાં તે અને ત્યારબાદ મિલકામદાર તરીકે જોડાયાં ત્યારે પોતાના સમાજ પ્રત્યે અપમાનની જે લાગણી સહન કરી હતી તેમાથી જ તેમનામાં સમાજ સેવાની ભાવના જાગૃત થઈ.

## ૧૯૧૭ અમદાવાદનાં મિલ કામદારોની હડતાલ અને કેશવજી વાઘેલા:-

આ સમયે એકલા અમદાવાદમા જ ૭૦ જેટલી મિલોના ભૂંગળાના અવાજો રણકતા હતાં. અમદાવાદનાં મિલ કામદારોના કામના કલાકોના પ્રમાણમાં તેમને પૂરતું વેતન આપવામાં આવતું ન હતું તેમજ આ મિલ મજૂરોનું જાતિવાદને લીધે પણ શોષણ થતું હતું. મજૂરોના આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે કેશવજી વાઘેલા એ મજૂરોને સંગઠનનો માર્ગ બતાવ્યો હતો અને મજૂરોના આ પ્રશ્નોના ઉકેલ માટે કેશવજીએ આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો. પરિણામ સ્વરૂપ ૪ ડિસેમ્બર,૧૯૧૭નાં રોજ અમદાવાદમા મજૂરોની ઐતિહાસિક હડતાલ પડી જે ૨૧ દિવસ સુધી ચાલી હતી જેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતાં. આ હડતાલનું નેતૃત્વ અનસૂયાબેન સારાભાઇની વિનંતીથી ગાંધીજીએ લીધું હતું.

રાયપુરની બાર મિલોનું સંગઠન સારું ચાલતું હતું. હડતાલ પાડવાનું અગાઉથી જ નક્કી કરવામાં આવતું હતું. હડતાળ પાડવામાં કાંકરી ફેરવવામા આવતી ને બીજે દિવસે સવારથી અથવા બપોરથી હડતાળ પડતી. આ સમયે હડતાળમાં જે મિલ કામદારો જોડાતા નહીં તેમને ચુંદડી, બંગડી, તેમજ વાળ મોકલવામાં આવતાં હતાં. હડતાલમાં ભાગ લેનારાઓ અમુક નક્કી કરેલા સ્થળે ભેગાં થતાં હતાં અને ઈંટો, પથ્થર નાંખી મિલો બંધ કરાવતા હતાં. અને જે રસ્તે આ હડતાળીઓ નીકળતા હતાં તે રસ્તે દુકાનો બંધ થઈ જતી હતી. આને સૌ કોઈ મિલનું હુલ્લડ થયું છે એવું કહેતા હતાં. અહીં એક રસપ્રદ બાબત એ છે કે આટલી હડતાળો પછી પણ કોઈ મજૂરોને મિલમાથી બરતરફ કરવામાં આવતાં ન હતાં. આની પાછળનું કારણ મિલોના શેઠીયાઓની અઢળક કમાણી આ મજૂરોને આભારી હતી તેમજ મજૂરોની ખૂબ જ અછત રહેતી હોવાથી. આ હડતાળમાં કેશવજી વાઘેલા, કચરા ભગત અને લલ્લુભાઈ મકવાણા જેવા દલિત આગેવાનોની ભૂમિકા સૂચક રહી હતી. જેમાં લાંબા સંઘર્ષના પરિણામે મજૂરોને ૩૫%નો પગાર વધારો મળ્યો હતો.[૩] અહીંથી આ મજૂર ચળવળના પાયામાં દલિત એક્તા તથા મજૂર સંગઠનનો પ્રારંભ થયો હતો. જેમાં કેશવજી વાઘેલા તથા કચરા ભગત વગેરે આગેવાનોએ મજૂરોને સંગઠિત બનાવવા પ્રયાસો કર્યા હતાં. મજૂરોને પોતાની સાથેના અન્યાય માટે લડતાં શીખવ્યું. એટલું જ નહિ પંચ ત્યાં પરમેશ્વરના સોનેરી પાઠ મજૂરોને ભણાવવામાં તેમણે મદદ કરી અને આ રીતે મજૂર પ્રવૃતિનો આરંભ કેશવજી વાઘેલાએ કર્યો હતો.

### મજુર મહાજન સંઘમાં કેશવજી વાઘેલાની ભૂમિકા:-

કેશવજી વાઘેલા ગાંધીજીનાં પાયાનાં કાર્યકર તથા મજૂરોનાં સેવક હતાં. એટલું જ નહિ તેઓ શ્રમિકોનાં ગુરુ હતાં. અને મિલ કામદાર તરીકે જોડાનાર યુવાનોનાં રાહબર પણ હતાં તેમજ પછાત જાતિઓના લાભોને મજૂરોનાં પૈસામાથી બચત કરી ઘર યોગ્ય રીતે ચલાવવા તથા શાહુકારોનાં

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

દેવામાથી મુક્ત બનાવવાં દલિતોને સામાજિક જીવનનાં પાઠ ભણાવતા હતાં. કેશવજી વાઘેલાનું દલિતોધ્ધાર માટેનું એક બલિદાન એ હતું કે આ હડતાલ પછી તેમનો કોલસીનો કોન્ટ્રાક્ટ જતો રહયો હતો. મજૂર હડતાળનાં પરિણામ સ્વરૂપે અનસૂયાબેનનાં પ્રયાસોથી ગાંધીજીનાં નેતૃત્વ હેઠળ અમદાવાદનાં મીરજાપુર વિસ્તારમાં ૨૫ એપ્રિલ ૧૯૨૦નાં રોજ મજૂર મહાજન સંઘની વિધિવત રીતે સ્થાપના કરવામાં આવી હતી. જેમાં મજૂર મહાજનસંઘના મુખ્ય વહીવટકર્તા તરીકે કેશવજી વાઘેલા અને વિઠ્ઠલદાસ ભાવસારે સહકાર આપ્યો હતો. આ બંનેનું મજૂર મહાજન સંઘનાં વિકાસમાં મહત્વનુ યોગદાન રહ્યું છે. મજૂરોનાં નેતા તરીકે કેશવજી વાઘેલા તથા સાથી મિત્રો મજૂરોનાં પ્રશ્નો જેવા કે કામનાં કલાકો, પગાર વધારો, બોનસ અને રજાઓની સમસ્યાઓનો ઉકેલ સંતોષ કારક રીતે મજૂર મહાજન સંઘ સાથે રહીને લાવતાં હતાં. અને મજૂરોની કોઈપણ ગંભીર સમસ્યા હોય તો તેને પંચ મારફતે પણ ઉકેલવામાં આવતી હતી.

## રાષ્ટ્રનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં કેશવજી વાઘેલાનું યોગદાન:-

દિનબંધુ (માસિક) મુંબઈ, (૧૯૬૪)ના પેજ નંબર ૫ પર નોંધ્યા મુજબ ઇ.સ.૧૯૩૦માં ધરાસણામાં મીઠાંના સત્યાગ્રહમાં અમદાવાદમાંથી સ્વયંમ સેવકોની ટુકડી સાથે કેશવજી વાઘેલા ધરાસણામાં ગયાં હતાં. અને આ ધરાસણા સત્યાગ્રહમાં કેશવજી વાઘેલા અને તેમની ટુકડીને માર પણ પડ્યો હતો. આઝાદીની અંતિમ લડત સમાન ઇ.સ. ૧૯૪૨ની હિંદછોડો લડતમાં પણ કેશવજી વાઘેલાનું મહત્વનુ યોગદાન હતું. ૧૯૪૨ની હિંદછોડો લડત વખતે અમદાવાદનાં મજૂરોએ સાડાત્રણ માસની હડતાળ પાડી હતી અને લડતમાં જોડાઈને લડતને વેગ આપ્યો હતો. આ વખતે કેશવજી વાઘેલાને પકડવામાં આવ્યાં હતાં અને ડિટેશનમાં લઈ નાસિક મોકલવામાં આવેલાં.[૪]

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

## ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ અને કેશવજી વાઘેલા:-

કેશવજી વાઘેલા જણાવે છે કે બહારનું વાતાવરણ આપણને પ્રગતિના માર્ગે લઈ જવા દિશા સૂચન જરૂર કરે પરંતુ સમાજની આંતરિક મુસીબતો જેવી કે અંધશ્રધ્ધા, કુરિવાજો, ભ્રામક રૂઢીઓ વગેરેને પ્રથમ દૂર કરવા જરૂરી બને છે. સમાજનાં છુટા છવાયા સંગઠનો એક કરી સમાજોધ્ધારનાં કામમાં સૌએ શક્તિ લગાડવી જોઈએ. મજબૂત સંગઠન તેમજ દલિતોના સામાજિક, રાજકીય, આર્થિક ઉત્કર્ષ માટે અનેકવિધ પ્રવૃતિઓ કેશવજી વાઘેલાએ કરી હતી. જેમાં તેમનું કેળવણી વિષયક પ્રવૃતિમાં નીચે મુજબનું યોગદાન રહ્યું છે.

અમદાવાદનાં અમરાપુરા વિસ્તારમાં ઇ.સ.૧૯૧૪નાં અરસામાં 'મજૂર મિત્ર મંડળ' શરૂ કર્યું અને તેના થકી રાત્રિશાળાઓ શરૂ કરી હતી. દલિત મહોલ્લાનાં મિલ કામદારો તથા સફાઈ કામદારોના બાળકોને રાત્રે એકત્રિત કરી શિક્ષણનાં પાઠ ભણાવવા લાગ્યાં. આ સમયે રાત્રિ શાળાનું કાર્ય જોવા માટે શંકરલાલ બેંકર તથા અનસૂયાબેન સારાભાઇ અમરાપુરા વિસ્તારની રાત્રિશાળામાં આવ્યાં. અને કેશવજી વાઘેલાને વધુ સારી રીતે સફળતા પ્રાપ્ત કરે તેના માટે પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. ૨ ઓક્ટોબર ૧૯૧૮માં ગાંધીજીના જન્મ દિવસે અમદાવાદમા પછાત વર્ગનાં બાળકો માટે વધુ રાત્રિશાળાઓ શરૂ કરવામાં આવી અને તેમાં કેશવજી વાઘેલાએ ત્રણ મહિના સુધી વેતન લીધા વગર જ ફરજ બજાવી હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટી તરફથી પ્રાથમિક કેળવણીનું કામ કરવાને માટે સ્કૂલ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં કેશવજી વાઘેલા તથા શ્યામ પ્રસાદ વસાવડા મજૂરોના પ્રતિનિધિ તરીકે સ્કૂલ બોર્ડના વિકાસ માટે ચૂંટાઈ આવ્યાં હતાં. શાળાઓ વધવાથી કેશવજીને તપાસણી કરવાનું કામ પણ સોંપ્યું હતું. કેશવજી વાઘેલાની પ્રેરણાથી જ્ઞાતીના વિધાર્થીઓને મદદ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

આપવાં કેળવણી ફંડ ઉભુ કરવામાં આવ્યું હતું [૫] આમ કેશવજી વાઘેલાએ આઝાદીના આંદોલન સમયે અશ્પૃશ્યોના શ્રમિકોના બાળકોમાં શૈક્ષણિક પ્રવૃતિઓનો આરંભ હિંદુસ્તાનમાં ગાંધીજીનાં આગમન પહેલાં જ શરૂ કરી દીધો હતો જે એક ઐતિહાસિક હતું. પરંતુ કેળવણીએ ગાંધીજીની રચનાત્મક પ્રવૃતિનો પણ એક ભાગ ચોક્કસ પણે હતું.

કેશવજી વાઘેલાએ કેળવણી વિષયક રચનાત્મક પ્રવૃતિઓની સાથે જ અસ્પૃશ્યતા નાબૂદી અને અન્ય સામાજિક કુરિવાજો દૂર કરવા માટેની અનેક રચનાત્મક પ્રવૃતિઓ હાથ ધરી હતી. ૧૯૧૮માં તેઓ મજૂર મહાજનમાં તેના શરૂઆતના કાળમાં જોડાયાં. ઇસ.૧૯૨૨માં મહાત્માજીનાં પ્રમુખપણા નીચે અમદાવાદમાં અસ્પૃશ્યતા નિવારણ પરિષદ ભરાઈ તેમાં મંત્રી તરીકે કામ કર્યું હતું. ઇ.સ.૧૯૩૬માં ગુજરાત અસ્પૃશ્યતા નિવારણ પરિષદના સ્વાગત પ્રમુખ તરીકે કામ કર્યું.[૬] ૧૯૧૮ થી ૧૯૫૧ સુધી ૩૩ વર્ષ તેમણે અમદાવાદની મજૂરોની સેવામાં અર્પણ કરેલાં. અસ્પૃશ્યતા નિવારણનાં ઈતિહાસમાં તેમણે મોટો ફાળો આપ્યો હતો. તેઓ હરિજન સેવક સંઘની સ્થાપના થઈ ત્યારથી તે છેલ્લે સુધી તેનાં સાચા સલાહકાર રહ્યાં છે. વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડનાં પ્રમુખપણા હેઠળ ૨૩ માર્ચ ૧૯૧૮નાં રોજ મુંબઈના ફ્રેંચપુલ મેદાન વિસ્તારમાં અસ્પૃશ્યતા નિવારણ પરિષદનું આયોજન નારાયણ ચંદાવરકરના હાથે કરવામાં આવ્યું હતું. જેમાં સામંત નાનજી મારવાડી તથા કેશવજી વાઘેલા સક્રિય હતાં. કેશવજી આ સભામાં હાજર રહ્યાં હતાં.[૭] ૧ જાન્યુઆરી ૧૯૨૩માં 'ગુજરાત અશ્પૃશ્ય ઉધ્ધારક મંડળ' માં મૂળદાસ વૈશ્ય અને મહંત મોહનદાસજી-અમદાવાદ તેમજ લાલજી શર્મા-ભરુચનાં નેતૃત્વ હેઠળ ચાલુ હતી તેમાં કેશવજી વાઘેલા, કવિ નાન્હાલાલ દલપતરામને લઈને કવિતાઓ દ્વારાં અંત્યજોધ્ધારનો પ્રચાર કરતાં હતાં. ભાવનગરના ઢસા મુકામે ૮,૯જૂન

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

૧૯૨૦નાં રોજ બીજી કાઠીયાવાડ અંત્યજપરિષદ કવિ ન્હાનાલાલ દલપતરામનાં પ્રમુખપદે ભરવામાં આવી હતી જેમાં કેશવજી વાઘેલા પણ હાજર રહ્યાં હતાં.

કેશવજી વાઘેલાની આગેવાની હેઠળ 'હરિજન મંદિર પ્રવેશ સંચાલન કમિટી'ની રચના કરવામાં આવી હતી. જેના ઉપક્રમે ૧૪ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ કેશવજી વાઘેલા ઉપરાંત ૫૦૦ જેટલા દલિતો અને કોંગ્રેસનાં આગેવાનો મંદિર પ્રવેશ માટે ભજન ગાતા સ્વામિનારાયણ મંદિરે ગયાં [૮] પરંતુ દરવાજા બંધ હતાં. મિલ કામદારો હડતાળ કરી સભાગૃહમાં જોડાયા પરંતુ સરદાર પટેલની કુનેહથી સુખદ અંત આવ્યો હતો. મહાગુજરાત દલિત (હરિજન) પરિષદનાં ૧૪,૧૫ માર્ચ ૧૯૩૬માં સ્વાગત પ્રમુખ પદે પોતાનાં વક્તવ્યમાં જણાવ્યુ કે હિન્દુ સમાજમાંથી અસ્પૃશ્યતા નામનાં કલંકનો નાશ કરી.[૯] સમગ્ર દલિત સમાજ એક થઈ સમાનતા, સ્વતંત્રતા અને માનવીય હક્કો મેળવવા જોરદાર જુંબેશ ઉપાડવા દલિત સમાજને હાંકલ કરી. કેશવજી વાઘેલાએ સમાજ ઉત્થાન માટે જાનના જોખમે પણ પોતાનાં માનવીય હક્કો, દરજ્જો, સામાજિક સ્થાન હિન્દુ સમાજમાં પ્રાપ્ત કરવા દરેક દલિત કટિબધ્ધ બને તેવું પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યુ હતું કે આપણી લડત લાંબીને કપરી છે તેમાં અનેક કપરાં ચઢાણ આવશે. પરંતુ તેનાથી ડરવાની જરૂર નથી.કુવા, શાળાઓ કે કોર્ટ,રેલ્વે,ધારાસભા, મંદિરો જ્યાં પણ પ્રવેશ નિષેધ હોય ત્યાં આભડછેટ દૂર કરવા તથા માનવીય મૂલ્યો મેળવવા હિંમતવાન મરદની માફક સમાજને પ્રતિબધ્ધ બનાવવાં હાંકલ કરી હતી.

રચનાત્મક પ્રવૃતિઓના એક ભાગ રૂપે જ વ્યસન મુક્તિમાટેના પ્રયાસો પણ કરવામાં આવતા હતાં. જેમાં ગાંધીજીનાં નેતૃત્વ હેઠળ અમદાવાદનાં વિવિધ 'લતાના પંચો' બનાવી તેમાં આગેવાનોને જવાબદારી સોંપવામાં આવતી અને ભજન મંડળી સભાઓ વગેરે ભરીને લોકોને દારૂ છોડાવવા

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

સમજાવવામાં આવતાં હતાં. અમદાવાદના જહાંગીરપૂર નામનાં વિસ્તારમાં કેશવજી વાઘેલા તેમનાં મિત્રો સાથે તે લતાનાં પ્રતિનિધિ હતાં. કેશવજી વાઘેલા હરિજન મજૂરોનાં મહોલ્લાઓમાં ભજન મંડળીઓ દ્વારા દારૂ નિષેધ અને વ્યસનો છોડાવવા માટે ગીતો બનાવીને રજૂ કરતાં હતાં. મજૂરોનાં સર્વાંગી વિકાસ થકી તેનાં ચારિત્ર્ય ઘડતર માટે સમાજમાંથી વ્યસનો અને  કુરિવાજો પાછળ થતાં ખર્ચ અને તેનાથી શાહુકારોના લેણામાંથી મુક્તિ અપાવવા કેશવજી વાઘેલાએ વ્યસન મુક્તિ અભિયાન મારફત સમાજને સાચા પંથ પર ચાલતો કરવા સતત પ્રયત્નો કરતાં રહ્યાં.[૧૦] કેશવજી વાઘેલા નિડર, સ્પષ્ટ વક્તા, સમજદાર તથા સમાજ સેવાનાં ઉમદા ગુણો ધરાવનાર આગેવાન હતાં. તેમણે ગાંધીજીની રચનાત્મક પ્રવૃતિઓને સતત વેગ આપવાનું કાર્ય કર્યું હતું. હરિજનોનાં હોટલ પ્રવેશ આંદોલન, મોટર-બસ અને મંદિર પ્રવેશ આંદોલનોમાં પણ કેશવજી વાઘેલાએ આગળ પડતી ભૂમિકા નિભાવેલી.

કેશવજી વાઘેલા દલિતોની સામાજિક, રાજકીય, આર્થિક ઉન્નતિ માટે રાત્રિ શાળાઓ, લતાના પંચો, મજૂર ચળવળો વગેરેમાં સક્રિય રહ્યાં હતાં. તેમજ મજૂર મહાજન સંઘ (૧૯૨૦) અને ગુજરાત હરિજન સેવા સંઘ (૧૯૩૩) માં તેમજ ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં ખુબ જ મહત્વની ભૂમિકા નિભાવી હતી. દલિતોના સ્વાભિમાન અને માનવીય અધિકારો માટેની લડતોમાં સત્યાગ્રહો સમિતિ દ્વારા મંદિર પ્રવેશ સત્યાગ્રહ, સરઘસો, અસ્પૃશ્યતા નિવારણ માટે સભાઓ વગેરેમાં તેમણે સક્રિય પણે ભૂમિકા ભજવી હતી. કેશવજીએ ૧૯૫૧ સુધીનો સમય અમદાવાદના મજૂરોની સેવામાં અર્પણ કર્યો હતો. આઝાદીના આંદોલન સમયે મજૂરોની સામાજિક, આર્થિક, અને શારીરિક સ્થિતિ ખૂબ જ દયનીય હતી. આવા કપરાકાળમાં પણ તેઓ અનેક પડકારોની વચ્ચે રસ્તો શોધીને મજૂરોમાં નવી ચેતના અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો હતો. કેશવજી વાઘેલા 'મજૂર મહાજન સંઘ'ના નેતૃત્વ

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

હેઠળ હરિજન કલ્યાણની પ્રવૃતીઓ પણ કરતાં હતા અને જો અસ્પૃશ્યો ઉપર જો કોઈ અત્યાચારોની ઘટના બને તો તેની જાણ ડો.બાબાસાહેબ આંબેડકરને પણ અચૂક કરતાં હતા. કેશવજી બહિષ્કૃત હિતકારિણી સભામાં પણ સભ્ય હતાં.

ગરીબ હરિજન કુટુંબમાં જન્મ્યા હોવા છતાંય એક સાચા શિક્ષક, સેવક અને માર્ગદર્શકને છાજે તેવા બધા જ ગુણો તેમણે કેળવ્યા હતાં. જ્યારે મજૂર જીવનમાં ચોમેર અંધકાર છવાયેલો હતો ત્યારે મહાત્મા ગાંધીજી અને અનસૂયાબેને ચિંધેલા રસ્તે તેમણે એ અંધકાર ઉલેચી પ્રકાશના કિરણો પાથરવાનું કામ શરૂ કર્યું હતું. એક સૈનિકની અદાથી મજૂર જીવનનાં તમામ સામાજિક દૂષણો સામે લડતો શરૂ કરી અને એક પછી એક જીત મેળવવાં માંડ્યા. પ્રૌઢ શિક્ષણ, કન્યા કેળવણી, દારૂબંધી, સામાજિક કુરિવાજો આ બધા ક્ષેત્રોમાં શૂરવીર લડવૈયાની જેમ તેઓ ઘૂમતા અને સારા સમાજને સાથે રાખી પ્રગતિને પંથે આગેકૂચ કરતાં હતાં. મજૂરોમાં ચેતના જગાડીને ન્યાયને માટે લડતાં પણ શીખવ્યું છે.[૧૧]

## મજૂર ચળવળના આગેવાન સ્વાતંત્ર્ય સેનાની કેશવજીવાઘેલાનું અવસાન:-

આમ, ગાંધીજીના મૂક સેવક એવા કેશવજી વાઘેલા રૂપી સૂર્યનો ૨૨ નવેમ્બર ૧૯૫૪નાં રોજ સદાયને માટે સૂર્યાસ્ત થઈ ગયો અને ગુજરાતના મજૂરો અને દલિતોના જીવનમાં રોશની પાથરનાર દિપક બુજાઈ જવાથી અંધકાર છવાઈ ગયો. કેશવજી વાઘેલા ‘મજૂર મહાજનની ઇમારતનો પાયો’ હતાં. કેશવજીભાઈની જીવન મૂડી એટલે તેમણે મજૂરોનાં જીવન સુધારણાનાં કાર્યમા આપેલો ફાળો. કેશવજી વાઘેલાને શોકાંજલી અર્પતા અમદાવાદ નગર કોંગ્રેસનાં અધ્યક્ષ શ્રીત્રિકમલાલ પટેલે

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

કહ્યું હતું કે ગુજરાતભરની કોઈ પણ હરિજન ચળવળ ભાગ્યે જ એવી હશે કે, જેમાં સદગત કેશવજીભાઈનો ફાળો નહીં હોય.

૨૭, નવેમ્બર ૧૯૫૪નાં 'મજૂર સંદેશ' અંકના પૃષ્ઠ ત્રણ ઉપર નોંધાયું છે એ મુજબ "અમદાવાદ દુધેશ્વરની સ્મશાન ભૂમિ પર ગાંધીજીનાં અવસાન બાદ પહેલી જ વાર હરિજનો, સવર્ણો તથા મુસ્લિમો સહિત આટલી મોટી સંખ્યામાં લોકો તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા એકત્રિત થયા તે મેળાવડો જોવા જેવો હતો. કેશવજી રણછોડજી વાઘેલાને દેશભરમાંથી જેટલી શોકાંજલીઓ મળી હતી તેટલી તો ડો.બાબાસાહેબ જેવી ઉચ્ચકક્ષાની વિભૂતિને બાદ કરતાં કોઈ હરિજન નેતાને મળી નથી.[૧૨] કેશવજીને ભાવભરી અંજલિ આપતા 'મજૂર સંદેશ' ના ૨૭/૧૧/૧૯૫૪ ના એક લેખમાં ગુજરાત હરિજન સેવક સંઘનાં પ્રમુખ પરીક્ષિતલાલ મજમુદારે કેશવજીને અંતરની અંજલિ અર્પતા કહ્યું હતું કે, અમદાવાદ માટે આજનો દિવસ શોકનો છે. મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં મજુર ચળવળ શરુ કરી તે વખતે કેશવજીએ સહુથી પહેલો સાથ આપ્યો હતો. [૧૩]

## સમાપન :-

ગુજરાતમાં ૧૮૬૧માં સૌપ્રથમ કાપડ મિલ અમદાવાદમાં રણછોડલાલ છોટાલાલે શરુ કરીને અમદાવાદમાં યાંત્રિક યુગનું રણશિંગું ફુંકાયું. માત્ર ૬૩ કામદારોથી પ્રથમ મિલની શરૂઆત થઈ હતી પરંતુ ૧૯૧૮ સુધીમાં આ મિલોની સંખ્યા વધીને ૫૧ જેટલી થઇ હતી જેમાં ૩૫ હજાર કરતાં પણ વધુ કામદારો મિલમજૂર તરીકે કામ કરતા હતાં.[૧૪] અમદાવાદ સહિત ગુજરાતભરની મિલોમાં કામ કરનાર મજૂરો મોટેભાગે આસપાસના ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં પછાત વર્ગ દેવીપૂજકો, કોળી, મુસ્લિમ અને દલિત જાતિના વણકર અને અન્ય પછાત કોમોના હતાં. ત્યારે અમદાવાદનાં 'હિન્દનાં માંન્ચેસ્ટર' તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરવામાં અને અમદાવાદ સહિત

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

ગુજરાતભરના મિલમાલિકોની ઝાહોજ્હાલી પાછળ ગુજરાતના આવા છેવડાના દલિત વર્ગના કામદારો-મિલ મજુરોના પ્રસ્વેદને આભારી લેખી શકાય.

## પાદનોંધ

૧. દિનબંધુ (માસિક), શ્રી કેશવજી વાઘેલા સ્મૃતિ અંક, મુંબઈ, ૧ માર્ચ ૧૯૬૪, અંક-૧૨,પૃ,૪.

૨. મહેન્દ્રભાઇ ગોહિલ, ગુજરાતના અનુ.જાતિના સ્વાતંત્ર્ય સેનાનીઓની પરિચય પુસ્તિકા, વ્યારા, ૧૯૯૨, પૃ.૭૪.

૩. દિનબંધુ (માસિક), પૂર્વોક્ત, પૃ,૧૦.

૪. એજન, પૃ.૫.

૫. અમદાવાદ મૂળગામી વણકર જ્ઞાતિપંચનો તા,૨૮/૭/૧૯૫૪નો ઠરાવ.

૬. દિનબંધુ (માસિક), પૂર્વોક્ત,પૃ,૧૭.

૭. પી.જી જ્યોતિકર, ગુજરાતની આંબેડકરી ચળવળનો ઇતિહાસ (૧૯૨૦ થી ૧૯૭૦), અમદાવાદ, ૧૯૯૧,પૃ,૧૧૮.

૮. મકરંદ મહેતા, હિન્દુ વર્ણ વ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતનાં દલિતો, અમદાવાદ, ૧૯૯૫, પૃ,૨૧૩.

૯. મહાગુજરાત પ્રથમ દલિત પરિષદ ૧૪/૧૫ માર્ચ ૧૯૩૬નું ભાષણ, પૃ,૧૧.

૧૦. મુકેશ ચાવડા, “ગુજરાતમાં દલિત નેતાગીરી: ઐતિહાસિક પરીપ્રેક્ષ્યમાં ૧૯૧૫ થી ૧૯૮૫”, પીએચ.ડી.મહાશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સીટી,૨૦૧૭, પૃ.૧૭૩.

૧૧. દિનબંધુ (માસિક), પૂર્વોક્ત, પૃ,૨૭.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

૧૨. એજન, પૃ.૧૯.

૧૩. મજૂર સંદેશ, અમદાવાદ,૨૭/૧૧/૧૯૫૪, અંક ૯૦, પૃ,૨.

૧૪. સંજય પ્રસાદ,હસુભાઈ દવે,પ્રવીણ જ.પટેલ (સંપાદકો),ગુજરાતની મજૂર ચળવળનો ઈતિહાસ,અમદાવાદ,૨૦૧૯,પૃ,૪.